# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

Phone:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

Email :- suratdeo@gmail.com web :-www.suratdeo.org


જા.નં./મા-૨/૧૫૦મી જન્મજયંતિ/૨૦૨૫/૯૨૫૪૯-૫૨ તા.03/૧૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

વિષય:- ભગવાન બિરસા મુંડાજી ની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ વર્ષ મહોત્સવની ઉજવણી તા.૦૧/૧૧/૨૦૨૫ થી ૧૫/૧૧/૨૦૨૫ દરમ્યાન કરવા બાબત.

સંદર્ભ:- (૧) કમિશનરશ્રી શાળાઓની કચેરી,ગુ.રા.ગાંધીનગરનો પત્ર ક્રમાંક: પરચ/ માધ્યમિક/૨૦૨૫/૧૧૧૯૮-૧૧૨૩૬ તા.03/૧૧/૨૦૨૫.

(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના ગુ.રા.ગાંધીનગરનો પત્ર ક્રમાંક: પ્રાશિનિ/ છ-૨/સંકલન/૨૦૨૫/૧૫૨૫-૬૧૪ તા.03/૧૧/૨૦૨૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્રો અન્વયે જણાવવાનું કે ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે જનજાતીય ગૌરવ વર્ષ તથા ભારત પર્વની ઉજવણીના ભાગરૂપે તા.૦૧ નવેમ્બર ૨૦૨૫ થી ૧૫ નવેમ્બર-૨૦૨૫ દરમિયાન એકતાનગર ખાતે રાજય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

આદિજાતિ મહાનાયક ક્રાંતિકારી લડવૈયા અને આદિજાતિ મસીહા ભગવાન બિરસા મુંડાજીના સમગ્ર જીવનના વિવિધ પાસાઓને આવરીને તેમની રાષ્ટ્રીય ચળવળ તથા જીવન યશગાથાને તથા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિજાતિઓના ગૌરવપૂર્ણ યોગદાનના ઇતિહાસને પ્રતિકાત્મકરૂપે ઉજાગર કરવા અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની તમામ શાળાઓએ તારીખ: ૧૩,૧૪,૧૫-નવેમ્બર,૨૦૨૫ દરમિયાન નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

| ક્રમ | તારીખ | કાર્યક્રમ |
|---|---|---|
| ૧ | ૧૩-૧૧-૨૦૨૫ | ચિત્ર સ્પર્ધા,પોસ્ટર સ્પર્ધા |
| ૨ | ૧૪-૧૧-૨૦૨૫ | વકતૃત્વ સ્પર્ધા |
| ૩ | ૧૫-૧૧-૨૦૨૫ | નિબંધ સ્પર્ધા અને પ્રશ્નોત્તરી |

તમામ શાળાઓએ તાલુકા/જિલ્લા કક્ષાની સંકલન સમિતિના સંપર્કમાં રહી કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે તથા કરેલ કાર્યક્રમનો વિગતવાર અહેવાલ અને ફોટોગ્રાફ E-mail Address: **bbm150jj@gmail.com** પર **તા.૧૫/૧૧/૨૦૨૫ના રોજ ૧૬ : ૦૦ કલાક** સુધીમાં બિનચૂક મોકલી આપવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લા-સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રોની નકલ

નકલ સવિનય રવાના જાણ સારુ

૧. માન. કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, સુરત
૨. માન. નાયબ શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક), કમિશનર શાળાઓની કચેરી, ગુ.રા.ગાંધીનગર
૩. માન. નાયબ શિક્ષણ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા.ગાંધીનગર

ક્રમાંક: પરચ/માધ્યમિક/૨૦૨૫/11198-11236
કમિશનરશ્રી શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર-૧૯, પુનીત વનની સામે,
ગુ. રા. ગાંધીનગર,
તા. ૦૩-૧૧-૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય:- ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે જન-જાતીય ગૌરવ વર્ષ મહોત્સવની ઉજવણી તા: ૦૧/૧૧/૨૦૨૫ થી ૧૫/૧૧/૨૦૨૫ દરમ્યાન કરવા બાબત.

સંદર્ભ: ગુજરાત સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંક: TDD/MSM/e-file/25/2025/0654/KH, તા. ૦૧/૧૧/૨૦૨૫

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે જનજાતીય ગૌરવ વર્ષ તથા ભારત પર્વની ઉજવણીના ભાગરૂપે તા.૧ નવેમ્બર ૨૦૨૫ થી ૧૫ નવેમ્બર-૨૦૨૫ દરમિયાન એકતાનગર ખાતે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

આદિજાતિ મહાનાયક ક્રાંતિકારી લડવૈયા અને આદિજાતિ મસીહા ભગવાન બિરસા મુંડાના સમગ્ર જીવનના વિવિધ પાસાઓને આવરીને તેમની રાષ્ટ્રીય ચળવળ તથા જીવન યશગાથાને તથા દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં આદિજાતિઓના ગૌરવપૂર્ણ યોગદાનના ઈતિહાસને પ્રતિકાત્મક રૂપે ઉજાગર કરવા તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૧૩,૧૪,૧૫-નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

| ક્રમ | તારીખ | કાર્યક્રમ |
|---|---|---|
| ૧ | ૧૩-૧૧-૨૦૨૫ | ચિત્ર સ્પર્ધા, પોસ્ટર સ્પર્ધા |
| ૨ | ૧૪-૧૧-૨૦૨૫ | વકતૃત્વ સ્પર્ધા |
| ૩ | ૧૫-૧૧-૨૦૨૫ | નિબંધ સ્પર્ધા અને પ્રશ્નોત્તરી |

આમ, ઉક્ત જણાવ્યા મુજબ આપના જિલ્લાના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ તાલુકા / જિલ્લા કક્ષાની સંકલન સમિતિના સંપર્કમાં રહી કાર્યક્રમોનું આયોજન કરવાનું

રહેશે. ઉક્ત તમામ કરેલ કાર્યક્રમોની વિગત અને અહેવાલ તા: ૧૬/૧૧/૨૦૧૫ સુધીમાં આ કચેરીના ઈ-મેઈલ ssmadhyamik3@gmail.com પર મોકલી આપવાનો રહેશે. તથા આ સાથે સામેલ આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંક: TDD/MSM/e-file/25/2025/0654/KH, તા. ૦૧/૧૧/૨૦૨૫ માં દર્શાવ્યા મુજબની તમામ બાબતો મુજબની પણ કાર્યવાહી કરવા આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ કાર્યક્રમોના આયોજન અને અમલ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: આદિજાતિ વિકાસ વિભાગનો સંદર્ભદર્શિત પરિપત્ર

(જયેશ એમ.પટેલ)
નાયબ શિક્ષણ નિયામક,
(માધ્યમિક)
કમિશનરશ્રી શાળાઓની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ...

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી(સેવા), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૫/૧૫૨૫-૬૧૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૦૩/૧૦/૨૦૨૫

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે તાઃ ૦૧/૧૧/૨૦૨૫ થી ૧૫/૧૧/૨૦૨૫ દરમ્યાન જન-જાતીય ગૌરવ વર્ષ મહોત્સવની ઉજવણી કરવા બાબત.

સંદર્ભઃ- (૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૫/૧૪૩૫-૫૨૪, તા.૩૦/૧૦/૨૦૨૫

(૨) ગુજરાત આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંકઃTDD/MSM/e-file/25/0654/KH, તા.૦૧/૧૧/૨૦૨૫

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, અત્રેની કચેરીના સંદર્ભ-૧ થી ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે જનજાતીય ગૌરવ વર્ષ તથા ભારત પર્વની ઉજવણીના ભાગરૂપે તા.૧૩,૧૪,૧૫-નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા કાર્યક્રમોનું આયોજન તમામ પ્રાથમિક શાળાઓમાં કરવા બાબતે અત્રેથી સૂચના આપવામાં આવેલ છે.

વધુમાં, ગુજરાત સરકાર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૦૧/૧૧/૨૦૨૫ ના પરિપત્રની નકલ બિડાણમાં આ સાથે સામેલ છે. ઉકત બાબતે સદર પરિપત્રમાં સુચવેલ કાર્યક્રમોના આયોજન અને અમલ અંગે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ . . .
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

03/11/25
તમામ શાળાઓને

ભગવાન બિરસા મુંડાજીના ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી જનજાતિય ગૌરવ વર્ષ અંગેના આયોજન બાબતે

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
બ્લોક નં.૦૨, ૫ મો માળ,
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક: TDD/MSM/e-file/25/2025/0654/KH
સચિવાલય ગાંધીનગર
તા.૦૧/૧૧/૨૦૨૫

**વંચાણે લીધા:-**

(૧)સામાન્ય વહિવટ વિભાગના તા.૧૮/૧૨/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/CEL/e-file/1/2024/7260/GH (protocol)-Section.

(૨)સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/૦૬/૨૦૨૫ના પત્ર ક્રમાંક: GAD/CEL/e-file/1/2024/7260/GH (protocol)-Section.

**પ્રસ્તાવના**

ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આમુખ ક્રમાંક: (૧) ના ઠરાવથી ગુજરાતના તથા સમગ્ર દેશના ઐતિહાસિક સીમાચિન્હોને યાદગાર બનાવવા, તેના વિવિધ્ધ જ્ઞાત-અજ્ઞાત પાસાઓને સામાન્ય જનમાનસ સુધી સર્જનાત્મક રીતે પહોંચાડવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫માં સીમાચિહ્નરૂપ જન્મોત્સવ કાર્યક્રમોની ઉજવણી કરવા માટે નિર્ણય કરવામાં આવેલ છે. જે અંતર્ગત ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિ જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. જે અનુસંધાને ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાની બાબત રાજય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવાનું આથી નક્કી કરવામાં આવે છે.

**પરિપત્ર:-**

પુખ્ત વિચારણાને અંતે ભગવાન બિરસા મુંડાજીના ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી જનજાતિય ગૌરવ વર્ષ અંગેનું આયોજન નીચે મુજબ કરવા આથી નક્કી કરવામાં આવે છે.

1. ભગવાન બિરસા મુંડાજીના ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી જનજાતિય ગૌરવ વર્ષ નિમિત્તે ૧૪ આદિજાતિ જીલ્લાઓમાં તા.૦૭/૧૧/૨૦૨૫ થી તા.૧૩/૧૧/૨૦૨૫ જનજાતિય ગૌરવ રથયાત્રા (પરિશિષ્ટ-૧ મુજબના જિલ્લાઓ)
2. ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી જનજાતિય ગૌરવ વર્ષ નિમિત્તે ૨૦ બિન આદિજાતિ જિલ્લાઓમાં તા.૧૩/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી (પરિશિષ્ટ-૨ મુજબના જિલ્લાઓ)

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી જનજાતિય ગૌરવ વર્ષ નિમિત્તે રાજ્યના ૩૪ જીલ્લાઓમાં કરવાના થતાં આયોજનને ઉકત ૦૨ ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે. જેમાં ૧૪ આદિજાતિ જિલ્લાઓ માટેના કાર્યક્રમો અને અન્ય ૨૦ બિન આદિજાતિ જીલ્લાઓમાં કરવાના થતા કાર્યક્રમોની રૂપરેખા નીચે મુજબ છે.

1. <u>૧૪ આદિજાતિ જીલ્લાઓમાં તા.૦૭/૧૧/૨૦૨૫ થી તા.૧૩/૧૧/૨૦૨૫ જનજાતિય ગૌરવ રથ યાત્રા</u>

- ૧૪ આદિજાતિ જીલ્લાઓમાં જનજાતિય ગૌરવ રથ યાત્રા માટેના ૦૨ રૂટ નિયત કરવામાં આવેલ છે. જેમાં રૂટ-૦૧ ઉમરગામ થી એકતાનગર અને રૂટ-૦૨ અંબાજી થી એકતાનગર રહેશે. <u>(પરિશિષ્ટ-03 મુજબ)</u>
- જનજાતિય ગૌરવ રથ યાત્રાનો સમયગાળો તા.૦૭/૧૧/૨૦૨૫ થી તા.૧૩/૧૧/૨૦૨૫ સુધીનો રહેશે. જનજાતિય ગૌરવ રથ યાત્રાનો શુભારંભ તા.૦૭/૧૧/૨૦૨૫ના રોજ ઉમરગામ, જી. વલસાડ અને અંબાજી, જી. બનાસકાંઠાથી કરવામાં આવશે. બન્ને રૂટનું તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ એકતાનગર,જી. નર્મદા ખાતે સમાપન થશે. આમ, જનજાતિય ગૌરવ રથ યાત્રાનો કુલ સમયગાળો ૦૭ (સાત) દિવસનો રહેશે.
- જનજાતિય ગૌરવ રથ યાત્રા માટે રૂટ મુજબ એક - એક રથની રાજય કક્ષાએથી ફાળવણી કરવામાં આવશે.
- જિલ્લા કક્ષાએ જનજાતિય ગૌરવ રથ યાત્રા કાર્યક્રમનો સુચારું અમલ થાય તે માટે આ પરિપત્રમાં દર્શાવેલી જિલ્લા, તાલુકા કક્ષાની રચવામાં આવેલી સમિતિઓએ પૂરતી કાળજી લેવાની રહેશે.
- દરેક જીલ્લામાં પ્રાયોજના વહીવટદારશ્રી, આદિજાતિ વિકાસે જીલ્લા નોડલ અધિકારી તરીકે કામગીરી કરવાની રહેશે. તેમજ પરિશિષ્ટ-૩ મુજબ જે તે જીલ્લામાં સૂચવેલ સમય દરમ્યાન જનજાતિય ગૌરવ રથ યાત્રા દીઠ ૦૧ લાયઝન અધિકારીની નિમણૂક કરવાની રહેશે. તેમજ જનજાતિય ગૌરવ રથ યાત્રા સાથે સતત હાજર રહેવા વર્ગ-૩ના કર્મચારી (તલાટી/વિસ્તરણ અધિકારી વિગેરે) ની નિમણૂક કરવાની રહેશે.

ઉપર્યુક્ત જનજાતિય ગૌરવ રથ યાત્રા માટેના પરિશિષ્ટ-૩ મુજબના રૂટ અનુસાર યાત્રા દરમિયાન મહત્વના સ્થળે સભા અને રાત્રી રોકાણના સ્થળે સભા એમ બે પ્રકારે કાર્યક્રમનું આયોજન કરવાનુ રહેશે. જે બન્ને સ્થળોની વિગત પરિશિષ્ટ-૩ માં દર્શાવ્યા મુજબની રહેશે. આ સ્થળો પર સભા માટેના કાર્યક્રમોના આયોજનની બાબત નીચે મુજબ છે.

- જનજાતિય ગૌરવ રથ યાત્રાના આગમન પૂર્વે કરવાની થતી કામગીરી:
  a. જાહેર સ્થળો જેવા કે શાળાઓ, પંચાયતઘર, આંગણવાડી, દૂધ મંડળી, પશુ દવાખાના, પેટા આરોગ્ય કેન્દ્ર, વેલનેસ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર વિગેરેની સફાઇ.

b. ગ્રામ્ય કક્ષાએ સામાજિક આગેવાનો અને સેવાભાવી સંસ્થાઓ સાથે બેઠક યોજવી. તેઓની કાર્યક્રમમાં સહભાગીતા સુનિશ્ચિત કરવાની રહેશે.

c. નીચે જણાવેલા વિભાગો દ્વારા પત્રકમાં જણાવેલી વિગતે કાર્યક્રમો હાથ ધરવાના રહેશે.

| વિભાગનું નામ | પ્રવૃત્તિ |
|---|---|
| મહિલા અને બાળ વિકાસ | કિટ વિતરણ, પોષણલક્ષી વાનગી સ્પર્ધા અને બાળકોની વિકાસ વૃધ્ધિ અંગે તપાસ |
| વન અને પર્યાવરણ વિભાગ | વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ |
| શિક્ષણ વિભાગ/ આદિજાતિ વિકાસ વિભાગ/સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | શાળા/કોલેજ/યુનિવર્સિટીઓમાં ભગવાન બિરસા મુંડાજીના જીવન ચરિત્રના વિષયને ધ્યાને રાખી ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા વગેરેનુ આયોજન |
| રમત ગમત વિભાગ | સ્થાનિક પ્રચલિત રમતોની સ્પર્ધા |
| શહેરી વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ | જાહેર સ્થળો, રસ્તાઓ, વોર્ડ વિસ્તારની સફાઈ મહાનુભાવોના સ્ટેચ્યુની સફાઈ |
| પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ | કાર્યક્રમના પ્રચાર પ્રસાર અને કાર્યક્રમના દિવસે લોકોની ઉપસ્થિતિ રહે તે અંગેની કામગીરી કરવી. |

➢ **જનજાતિય ગૌરવ રથ યાત્રાના આગમનના દિવસે કરવાની થતી કામગીરી:**

**(a) સવારના સમયે કરવાની થતી કામગીરી:**

ગ્રામ્ય કક્ષાએ રૂટ મુજબ જનજાતિય રથ યાત્રાના આગમન પહેલા નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

| સમય | પ્રવૃત્તિ | સંબંધિત વિભાગ |
|---|---|---|
| ૭:૦૦ કલાક થી ૭:૩૦ કલાક | પ્રભાત ફેરી | શિક્ષણ વિભાગ |
| ૮:૦૦ કલાક થી ૮:૩૦ કલાક | યોગાભ્યાસ | આરોગ્ય વિભાગ/ શિક્ષણ વિભાગ |
| ૮:૩૦ કલાક થી ૯:૩૦ કલાક | વૃક્ષારોપણ | વન અને પર્યાવરણ વિભાગ |

(b) કાર્યક્રમના દિવસે સભાના સ્થળે કરવાની કામગીરી:

| વિભાગ | પ્રવૃત્તિ |
|---|---|
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ | નિરામય ગુજરાત અંતર્ગત આરોગ્ય કેમ્પ જેમા સીકલસેલ – કાર્ડ વિતરણ અને આંખોની ચકાસણી (આઈ ચેકઅપ કેમ્પ) પર વિશેષ ભાર આપવો. (આઈ ચેકઅપ કેમ્પમાં ચશ્માની જરૂરીયાત માટેના લાભાર્થીઓને શક્ય હોય તો સ્થળ પર વિતરણ) |
| સામાન્ય વહીવટ વિભાગ | સેવાસેતુ કાર્યક્રમનું આયોજન; જેમા રાજય સરકારે નિયત કરેલ સેવાઓનો લાભ આપવાનો રહેશે. |

(c) જનજાતિય ગૌરવ રથ યાત્રાના આગમન પછી કરવાનાં કાર્યક્રમની વિગત :

કાર્યક્રમના સ્થળે જનજાતિય ગૌરવ રથ યાત્રાના આગમન બાદ કરવાની કામગીરી અને તેનું સમય પત્રક આ સાથે સામેલ પરિશિષ્ટ-૪ મુજબ છે. મહત્વના સ્થળે સભા અને રાત્રિ રોકાણના સ્થળે સભા માટે આયોજિત કરવાના કાર્યક્રમો અંગે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

1. કાર્યક્રમના સ્થળે પ્રવચન અંગેના મુદ્દાઓ તૈયાર કરવા જેમાં ભગવાન બિરસા મુંડાજીના જીવનચરિત્ર પર વિશેષ ભાર આપી પ્રવચનમાં સમાવેશ કરવાનો રહેશે.
2. રાત્રિ રોકાણના કાર્યક્રમમાં દેશભક્તિ ગીતો અને સ્થાનિક આદિવાસી બોલીઓના ગીતોનો જ સમાવેશ કરવાનો રહેશે.
3. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક પદાધિકારીઓ તથા સ્થાનિક ધાર્મિક વડાઓ, ભગત અને પૂજારીઓને સદરહુ કાર્યક્રમમાં જોડવાના રહેશે.
4. સ્થાનિક સેવાભાવી સંસ્થાઓ અને મંડળોને સાથે રાખી કાર્યક્રમનો વધુમાં વધુ લોકો સુધી લાભ અને જાણકારી મળે તે મુજબ આગોતરૂ આયોજન કરવું.
5. રાત્રી રોકાણના સભાસ્થળે ભગવાન બિરસા મુંડાજીના જીવન ચરિત્ર પરના નાટકની પ્રસ્તુતિ કરવાની રહેશે.
6. સાંસ્કૃતિક કાર્યક્રમમાં નૃત્યની પસંદગી સ્થાનિક પરંપરા અને સંસ્કૃતિને ધ્યાને રાખી કરવાનું રહેશે.
7. જનજાતિય ગૌરવ રથયાત્રાના સ્વાગત અને સભા દરમિયાન જે તે વિસ્તાર પરંપરાગત પહેરવેશમાં લોકો ઉપસ્થિત રહે તે મુજબ આયોજન કરવું.
8. આદિ કર્મયોગી અભિયાન હેઠળ તૈયાર થયેલ જે તે ગામના વિલેજ એક્શન પ્લાનનું વંચાણ ફરજિયાત કરવાનું રહેશે.
9. સ્થાનિક લેખકો, ડોક્ટર્સ, વકીલ, ઉદ્યોગપતિઓ, પ્રગતિશીલ ખેડૂતો તેમજ ખેલમહાકુંભના વિજેતા રમતવીરોને પ્રોત્સાહિત કરવાના રહેશે.

10. કાર્યક્રમના સ્થળે આદિજાતિ કલ્યાણની યોજનાઓનો પ્રચાર પસાર અને તેના લાભાર્થીઓને લાભનું વિતરણ કરવાનું રહેશે.
11. જનજાતિય ગૌરવ રથ યાત્રાના ઉજવણી અંગેના પ્રચાર પ્રસાર જેમાં હોર્ડિંગ્સ, પત્રિકાઓ વગેરે સોશિયલ મિડિયા દ્વારા પ્રચાર – પ્રસાર થાય તે મુજબનુ આયોજન કરવું તેમજ માહિતી ખાતા દ્વારા મિડિયા કવરેજ મળી રહે તે મુજબ કામગીરીનુ આયોજન કરવાનુ રહેશે.

## 2. ૨૦ બિન આદિજાતિ જિલ્લાઓમાં જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી

૨૦ બિન આદિજાતિ જીલ્લાઓમાં ભગવાન બિરસા મુંડાજીના ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી જનજાતિય ગૌરવ વર્ષ અંતર્ગત પરિશિષ્ટ ૨ મુજબના જીલ્લાઓએ નીચે વિગતો ધ્યાને લઇ કાર્યક્રમનું આયોજન કરવાનુ રહેશે.

1) આ જીલ્લાઓમાં તા.૧૩/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધીમાં કોઇ એક દિવસ પસંદ કરી જીલ્લા કક્ષાએ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.
2) જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં જિલ્લાના આદિવાસી સમાજ અને અન્ય લોકો સાથે મોટી સંખ્યામા લોકોની ઉપસ્થિતિ સુનિશ્ચિત કરવી
3) જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં માન. સાંસદ સભ્યશ્રી, માન. ધારાસભ્યશ્રી, જિલ્લા-તાલુકા પંચાયત સભ્યો, સામાજિક આગેવાન, આદિવાસી સમાજના સંગઠનોના હોદ્દેદારો વગેરે મહાનુભાવોને આમંત્રિત કરવા.
4) કાર્યક્રમના મહાનુભાવ માટેના પ્રવચનના મુદ્દા તૈયાર કરવા. જેમાં ૧૫ થી ૨૦ મિનિટ બિરસા મુંડાજીના જીવન ચરિત્ર તથા જનજાતિય ગૌરવ વર્ષના વિષયનો સમાવેશ કરવો.
5) જિલ્લાના આદિજાતિ સમુદાયની વસ્તી ધરાવતા વિસ્તારમાં જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી અંગેના પ્રચાર પ્રસાર જેમાં હોર્ડિંગ્સ, પત્રિકાઓ વગેરે સોશિયલ મિડિયા દ્વારા પ્રચાર-પ્રસાર માટેનું આયોજન કરવું.
6) જિલ્લાઓમાં આવેલ મહાનુભાવોના સ્ટેચ્યુની સાફ સફાઇ કાર્યક્રમ અંગેનુ આયોજન કરવું
7) જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સ્થાનિક સામાજિક સંસ્થાઓ અને આદિવાસી સમાજના સંગઠનને જોડવા.
8). જિલ્લામાં સમાવિષ્ટ યુનિવર્સિટીઓ, કોલેજો તથા શાળાઓમાં ભગવાન બિરસા મુંડાજીના જીવન ચરિત્ર અને જનજાતિય ગૌરવ વર્ષના સંદર્ભમાં જુદી-જુદી સ્પર્ધાઓનુ આયોજન કરવુ. જેમ કે, વકૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વાંચન સ્પર્ધા વગેરે.
9) જિલ્લામાં સમાવિષ્ટ યુનિવર્સિટીઓ, કોલેજ તથા શાળાઓમાં સ્થાનિક કક્ષાએ પ્રચલિત રમત સ્પર્ધાઓનું આયોજન અને વિજેતાઓનું સન્માન કરવું.

## ૩. કાર્યક્રમના અમલીકરણ માટે નીચે મુજબની સમિતિઓની રચના કરવાની રહેશે

### ૩.૧. જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિ

જનજાતિય ગૌરવ રથ યાત્રા કાર્યક્રમની અમલવારી જીલ્લામાં સુચારૂપણે થાય તે માટે જિલ્લા કક્ષાએ નીચે મુજબની સમિતિની રચના કરવાની રહેશે. આ સમિતિ કાર્યક્રમની અમલવારી માટે જરૂરીયાત મુજબની બેઠકોનું આયોજન કરશે.

| | |
|---|---|
| જિલ્લા કલેકટરશ્રી | અધ્યક્ષશ્રી |
| જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| પ્રાયોજના વહીવટદારશ્રી, આદિજાતિ વિકાસ | સભ્યશ્રી |
| જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી |
| નાયબ વન સંરક્ષકશ્રી, | સભ્યશ્રી |
| નિવાસી અધિક કલેકટરશ્રી | સભ્ય સચિવશ્રી |
| ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી | સભ્યશ્રી |
| નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્યશ્રી |
| મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (જિલ્લા પંચાયત) | સભ્યશ્રી |
| મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી | સભ્યશ્રી |
| નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચાયત/વિકાસ | સભ્યશ્રી |
| જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| કાર્યપાલક ઇજનેરશ્રી (માર્ગ અને મકાન વિભાગ) પંચાયત અને રાજ્ય | સભ્યશ્રી |
| નાયબ નિયામકશ્રી (માહિતી) | સભ્યશ્રી |
| નાયબ નિયામકશ્રી, ખેતીવાડી (જિલ્લા પંચાયત) | સભ્યશ્રી |
| પ્રોગ્રામ ઓફિસરશ્રી, આઈ.સી.ડી.એસ., જિલ્લા પંચાયત | સભ્યશ્રી |
| નાયબ નિયામકશ્રી, પશુપાલન (જિલ્લા પંચાયત) | સભ્યશ્રી |
| જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| કાર્યપાલક ઇજનેરશ્રી (સંબધિત વિજ કંપની) | સભ્યશ્રી |
| જિલ્લા યુવા વિકાસ અધિકારી | સભ્યશ્રી |

**જિલ્લા કક્ષાએ અમલીકરણ સમિતિનું કાર્યક્ષેત્ર :**

જીલ્લા કક્ષાના કાર્યક્રમ માટે નાણાકીય અને વહીવટી નિર્ણયો તેમજ કાર્યક્રમનું આયોજન, સુપરવિઝન અને મોનીટરિંગ આ સમિતિના કાર્યક્ષેત્રમાં રહેશે.

૩.૨ તાલુકા કક્ષાની અમલીકરણ સમિતિ.

જનજાતિય રથ યાત્રા  યાત્રાની અમલવારી સુચારૂપણે થાય તે માટે પરિશિષ્ટ-૩ મુજબના તાલુકાઓમાં તાલુકા કક્ષાએ નીચે મુજબની સમિતિની રચના કરવાની રહેશે. આ સમિતિ કાર્યક્રમની અમલવારી માટે જરૂરીયાત મુજબની બેઠકોનું આયોજન કરશે.

| | |
|---|---|
| પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| મામલતદારશ્રી | સભ્યશ્રી |
| તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ચીફ ઓફિસરશ્રી | સભ્યશ્રી |
| પી.આઇ પી.એસ.આઈ શ્રી | સભ્યશ્રી |
| નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી (આર.એન્ડ,બી- રાજ્ય અને પંચાયત) | સભ્યશ્રી |
| નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, વીજ કંપની | સભ્યશ્રી |
| તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, (બીઆરસી) | સભ્યશ્રી |
| સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી | સભ્યશ્રી |
| તાલુકા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| તાલુકા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્યશ્રી |
| તાલુકા પશુ ચિકિત્સા અધિકારીશ્રી | સભ્યશ્રી |
| તાલુકા બાલ વિકાસ યોજના અધિકારીશ્રી | સભ્યશ્રી |

આ ઉપરાંત સમિતિના અધ્યક્ષશ્રીને  ઉચિત જણાય તેવા અધિકારીશ્રીની સમિતિના સભ્ય તરીકે નિમણૂક કરી શકશે.

## 4. કાર્યક્રમને લગતી અન્ય અગત્યની સૂચનાઓ નીચે મુજબ છે.

1) કાર્યક્રમના સ્થળ પર વધુમાં વધુ વ્યક્તિઓ ઉપસ્થિત રહી શકે તે મુજબનું નક્કી કરવાનું રહેશે..
2) જનજાતિય ગૌરવ રથ યાત્રાના કાર્યક્રમના સ્થળે મુખ્ય સ્ટેજ સુધી સરળતાથી પહોંચી શકે તે મુજબ કાર્યક્રમનું સ્થળ પસંદ કરવાનું રહેશે.
3) સુશોભિત સ્ટેજ, સાઉન્ડ સિસ્ટમ, કાર્યક્રમ સ્થળ ખાતે જનજાતિય રથ યાત્રાને ઉભા રાખવા માટેની વ્યવસ્થા વગેરે સુનિશ્ચિત કરવાના રહેશે.
4) જનજાતિય ગૌરવ રથ યાત્રાના આગમન સમયે યાત્રાના સ્વાગત માટે જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતનાં સદસ્યો, સરપંચશ્રી અને ગ્રામ પંચાયતના સદસ્યો, ગામના આગેવાનો, આદિ કર્મયોગી અભિયાન હેઠળના આદિ સાથી અને સહયોગી, નિગરાની સમિતિના સભ્યો, પાણી સમિતિના સભ્યો, વિલેજ હેલ્થ એન્ડ સેનીટેશનના સભ્યો, પુરવઠા તકેદારીના સભ્યો, ગ્રામ્ય કક્ષાએ બનાવેલી દરેક સમિતિના સભ્યો, સ્વચ્છાગ્રહી, સ્વચ્છતાદૂત, શિક્ષકો, ગ્રામ સેવકો, આશા બહેનો, આંગણવાડીના કાર્યકર, વાજબી ભાવની દુકાનના સંચાલક,

મ.ભો.યો સંચાલક, વિવેકાનંદ યુવક મંડળના સભ્યો તથા ગ્રામજનો વિગેરે ઉપસ્થિત રહે તેની કાળજી લેવાની રહેશે.

5) જનજાતિય ગૌરવ રથ યાત્રાના રાત્રી રોકાણના સ્થળે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

6) જનજાતિય ગૌરવ રથ યાત્રા માટે તૈયાર કરવામાં આવેલ રૂટ અને તેના સમય પત્રક અંગે જિલ્લા કક્ષાએ દરેક ગામ અને નગરપાલિકા કક્ષાએ દરેક વોર્ડ ખાતે જાણકારી લોકોને મળી રહે તે મુજબની પ્રચાર પ્રસારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

7) જનજાતિય ગૌરવ રથ યાત્રા સાથે સંકળાયેલા જિલ્લા/તાલુકા અને ગ્રામ્ય કક્ષાના સર્વે અધિકારીશ્રીઓ અને કર્મચારીઓના સંપર્ક નંબર દર્શાવતો કોમ્યુનિકેશન પ્લાન તૈયાર કરવાનો રહેશે.

8) દરેક વિભાગે વિભાગની વિવિધ યોજનાઓ અંગેની માહિતી પુસ્તિકાઓ/પેમ્ફલેટ્સ વિગેરે કાર્યક્રમના સ્થળે વિતરણ કરવાના રહેશે.

9) કાર્યક્રમના સ્થળે આયોજીત થનાર સેવાસેતુ કાર્યક્રમ અને આરોગ્ય કેમ્પ માટે આયોજનની તારીખથી પહેલા તમામ ગામોમાં તેનો પ્રચાર પ્રસાર થાય તે મુજબ કામગીરી કરવી જેથી વધુમાં વધુ લોકો લાભ લઈ શકે.

10) વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને કાર્યક્રમના સ્થળે ઉપસ્થિત રાખવાના રહેશે, જેઓની પસંદગી જે તે વિભાગના સ્થાનિક અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવશે. સદર લાભાર્થીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે.

11) સ્ટેજ કાર્યક્રમ દરમ્યાન વિકાસના કામોનું લોકાર્પણ કરવાનું રહેશે તેમજ નવા મંજૂર થયેલા કામોની જાહેરાત કરવાની રહેશે. વધુમાં સ્ટેજ કાર્યક્રમ દરમિયાન વિવિધ કલ્યાણકારી યોજનાના લાભાર્થીઓને ટોકન સ્વરૂપે સહાય/ કીટ/ પ્રમાણપત્ર વિતરણ કરવાનું રહેશે અને બાકીના લાભાર્થીઓને મુખ્ય કાર્યક્રમ પત્યા બાદ લાભોનું વિતરણ કરવાનું રહેશે.

12) કાર્યક્રમના સ્થળે પ્રાથમિક સારવાર અને ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરવાની રહેશે.

13) કાર્યક્રમ દરમિયાન કાયદો વ્યવસ્થા તેમજ વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે આગોતરું આયોજન કરવાનું રહેશે.

14) સમગ્ર જનજાતિય ગૌરવ રથ યાત્રા દરમિયાન જનજાતિય ગૌરવ રથની સલામતી માટે જરૂરી વ્યવસ્થા જિલ્લા કક્ષાએથી પોલીસ સાથે કરવાની રહેશે.

15) જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાએ તૈયાર કરવામાં આવેલા કાર્યક્રમનો પૂરતો પ્રચાર પ્રસાર થાય અને વધુમાં વધુ લોકો આ કાર્યક્રમમાં સહભાગી થાય તે માટેની કામગીરી કરવાની રહેશે.

16) સદરહુ કાર્યક્રમને પૂરતું મીડિયા કવરેજ અને સોશીયલ મીડિયા કવરેજ મળી રહે તે માટે માહિતી વિભાગ સાથે સંકલનમાં રહી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. તેમજ થયેલ કાર્યક્રમનું પૂરતું દસ્તાવેજીકરણ થાય તેની પૂરતી કાળજી લેવાની રહેશે.

17) કાર્યક્રમ અંગે કલેકટરશ્રીઓ દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવુ અને કાર્યક્રમ પુર્ણ થયે પ્રેસનોટ અચુક આપવાની રહેશે.

18) ભારત સરકાર અને રાજય સરકારના વિવિધ ઓથોરાઇઝ્ડ સોશીયલ મીડીયા હેન્ડલ પર #JanjatiyaGauravDiwas #JanJatiyaGauravVarsh #BirsaMunda150 અને કાર્યક્રમ સંબંધિત Thematic Hasgtags નો ઉપયોગ કરવાનો રહેશે.

19) કાર્યક્રમ દરમ્યાન લાભાર્થીઓ અને સહભાગીઓના પ્રતિભાવો મેળવવા ઇન્ટવ્યુ કરી વિડિયો તૈયાર કરવા.

20) સદર જનજાતિય ગૌરવ રથ યાત્રાનું રોજે રોજના અહેવાલ નિયત નમૂનામાં જિલ્લા કક્ષાએ તૈયાર કરવાનો રહેશે. તેમજ ઓન લાઈન પોર્ટલ પર તેની વિગતો દરરોજ અપલોડ કરવાનો રહેશે. યાત્રા પુર્ણ થયે એક સંકલિત અહેવાલ વડી કચેરી ખાતે રજુ કવાનો રહેશે.

21) કાર્યક્રમના સફળ અમલીકરણ માટે જરૂરી તમામ આનુષાંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ પર સક્ષમ કક્ષાએ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મનીષ શાહ)
સંયુક્ત સચિવ(સેવા)
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રી/ માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર...... તેઓ હેઠળના ખાતાના વડા તથા જિલ્લા કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ રવાના.
- નિયામકશ્રી (આદિજાતિ વિકાસ) અને નોડલ અધિકારીશ્રી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર....પ્રાયોજના વહીવટદારશ્રીઓને જરૂરી સૂચના આપવાની વિનંતી સહ રવાના.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- માહિતી નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર

- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.

## પરિશિષ્ટ - ૧

| ક્રમ | જિલ્લાનું નામ |
| --- | --- |
| ૧ | અરવલ્લી |
| ૨ | ભરૂચ |
| ૩ | છોટાઉદેપુર |
| ૪ | દાહોદ |
| ૫ | ડાંગ |
| ૬ | મહિસાગર |
| ૭ | નર્મદા |
| ૮ | નવસારી |
| ૯ | પંચમહાલ |
| ૧૦ | સાબરકાંઠા |
| ૧૧ | સુરત |
| ૧૨ | તાપી |
| ૧૩ | વલસાડ |
| ૧૪ | બનાસકાંઠા |

## પરિશિષ્ટ - ૨

| ક્રમ | જિલ્લાનું નામ |
| --- | --- |
| ૧ | અમદાવાદ |
| ૨ | અમરેલી |
| ૩ | આણંદ |
| ૪ | ભાવનગર |
| ૫ | બોટાદ |
| ૬ | દેવભૂમિ દ્વારકા |
| ૭ | ગાંધીનગર |
| ૮ | ગીર સોમનાથ |
| ૯ | જામનગર |
| ૧૦ | જુનાગઢ |
| ૧૧ | કચ્છ |
| ૧૨ | મહેસાણા |
| ૧૩ | મોરબી |
| ૧૪ | પાટણ |
| ૧૫ | પોરબંદર |
| ૧૬ | રાજકોટ |
| ૧૭ | સુરેન્દ્રનગર |
| ૧૮ | વડોદરા |
| ૧૯ | ખેડા |
| ૨૦ | વાવ-થરાદ |

પરિશિષ્ટ – 3

## ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી
## જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી
## જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી
## (રૂટ નં.-૧)

(દિવસ-૧) તા. ૦૭-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર(કિ.મી.) | પંહોચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| ઉમરગામ (વલસાડ) | | ૦૦ | પ્રસ્થાન | સભા | ૧૧:૦૦ |
| સંજાણ (વલસાડ) | | ૧૦ | ૧૧-30 | સ્વાગત | ૧૧-૪૫ |
| ભીલાડ (વલસાડ) | | ૧૫ | ૧૨-૦૫ | સ્વાગત | ૧૨-૧૫ |
| વાપી (વલસાડ) | | ૧૫ | ૧૨-30 | સ્વાગત | ૧૨-૪૫ |
| પારડી(વલસાડ) | | ૧૫ | ૧-૦૦ | સ્વાગત/સભા/ ભોજન | ૨-30 |
| નાનાપોંઢા(વલસાડ) | | ૨૮ | 3-૧૫ | સ્વાગત/સભા | ૪-૧૫ |
| ધરમપુર (વલસાડ) | | ૧૮ | ૪-30 | સ્વાગત/સભા | રાત્રી રોકારણ |

## ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી
## જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી
## જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી
## (રૂટ નં.-૧)

(દિવસ-૨) તા. ૦૮-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર(કિ.મી.) | પંહોચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| ધરમપુર (વલસાડ) | | ૦૦ | -- | -- | ૯-૦૦ |
| ખેરગામ (નવસારી) | | ૧૭ | ૯-૪૫ | સ્વાગત | ૧૦-૧૫ |
| રૂમલા (નવસારી) | | ૧૩ | ૧૦-૪૫ | સ્વાગત | ૧૧-૦૦ |
| રાનકુવા (નવસારી) | | ૧૫ | ૧૧-30 | જાહેર સભા/ભોજન | ૧-30 |
| અનાવલ (સુરત) | | ૧૩ | ૨-૦૦ | સ્વાગત | ૨-30 |
| ભીનાર (નવસારી) | | ૭ | 3-૦૦ | સ્વાગત | 3-૧૫ |
| વાંસદા (નવસારી) | | ૮ | 3-૪૫ | સ્વાગત અને સભા | રાત્રી રોકાણ |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૧)

(દિવસ-3) તા. ૦૯-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર(કિ.મી.) | પહોચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| વાંસદા (નવસારી) | | ૦૦ | -- | -- | ૯-30 |
| વઘઈ (ડાંગ) | | ૨3 | ૧૦-30 | સ્વાગત/સભા | ૧૨-૦૫ |
| ઝાવડા (ડાંગ) | | ૧૮ | ૧૨-૪૫ | સ્વાગત | ૦૧-૦૦ |
| ડોલવણ(તાપી) | | ૨૦ | ૧-30 | સભા/ભોજન | 3-30 |
| જેસીંગપુરા (તાપી) | | ૧૮ | ૪-૦૦ | સ્વાગત | ૪-30 |
| વ્યારા (તાપી) | | ૧૫ | ૫-૦૦ | સ્વાગત/સભા | રાત્રિ રોકાણ |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૧)

(દિવસ-૪) તા. ૧૦-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર(કિ.મી.) | પહોચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| વ્યારા (તાપી) | | ૦૦ | ૦૦-૦૦ | પ્રસ્થાન | ૯-૦૦ |
| સોનગઢ(તાપી) | | ૧૮ | ૯-૧૫ | સ્વાગત/સભા | ૧૦-30 |
| ભંડભુજા(તાપી) | | ૧૫ | ૧૧-૦૦ | સ્વાગત | ૧૧-૧૫ |
| ઉચ્છલ(તાપી) | | ૧૫ | ૧૧-30 | સ્વાગત/સભા/ભોજન | ૧-30 |
| નારણપુર(તાપી) | | ૧૫ | ૨-૦૦ | સ્વાગત | ૨-૧૫ |
| રૂમકીતળાવ(તાપી) | | ૨૦ | ૨-૪૫ | સ્વાગત/સભા | ૪-૦૦ |
| વેલ્વા ટાંકી (તાપી) | | ૨૪ | ૪-૪૫ | સ્વાગત | ૫-૦૦ |
| નિઝર(તાપી) | | ૬ | ૫-૧૫ | સ્વાગત/રાત્રી રોકાણ | -- |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૧)

(દિવસ-૫) તા. ૧૧-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર(કિ.મી.) | પહોચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| કુંકરમુંડા (તાપી) | | ૦૦ | ૯-૦૦ | પ્રસ્થાન/સ્વાગત | ૯-૧૫ |
| જાવલી (નર્મદા) | | ૨૨ | ૧૦-૧૫ | સ્વાગત | ૧૦-૩૦ |
| સાગબારા (નર્મદા) | | ૦૮ | ૧૦-૪૫ | સ્વાગત/સભા | ૧૧-૧૫ |
| ચીકદા (નર્મદા) | | ૧૧ | ૧૧-૩૦ | સ્વાગત | ૧૧-૪૫ |
| ઉમરપાડા (સુરત) | | ૨૧ | ૧૨-૧૫ | સ્વાગત/સભા/ભોજન | ૨-૩૦ |
| માલધાફાટા (સુરત) | | ૨૨ | ૩-૦૦ | સ્વાગત | ૩-૧૫ |
| સઠવાવ (સુરત) | | ૦૮ | ૩-૪૫ | સ્વાગત | ૪-૧૫ |
| માંડવી (સુરત) | | ૧૦ | ૫-૦૦ | સ્વાગત/જાહેર સભા | રાત્રી રોકાણ |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૧) (દિવસ-૬) તા.૧૨-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર (કિ.મી.) | પંહોચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| માંડવી (સુરત) | | ૦૦ | ૯-૦૦ | પ્રસ્થાન | ૯-૧૫ |
| અરેઠ | | ૧૨ | ૯-૪૫ | સ્વાગત | ૧૦-૧૫ |
| તડકેશ્વર | | ૧૬ | ૧૦-૪૫ | સ્વાગત | ૧૧-૦૦ |
| નાની નરોલી | | ૦૮ | ૧૧-૧૫ | સ્વાગત | ૧૧-૩૦ |
| મોસાલી (માગરોળ) | | ૧૦ | ૧૧-૪૫ | સ્વાગત | ૧૨-૦૫ |
| વાંકલ | | ૧૨ | ૧૨-૩૦ | સ્વાગત | ૧૨-૪૫ |
| ઝંખવાવ | | ૧૦ | ૦૧-૦૦ | સ્વાગત/સભા/ભોજન | ૦૨-૧૫ |
| વાડી | | ૦૫ | ૨-૩૦ | સ્વાગત | ૨-૪૫ |
| ડેઈલી (વાલીયા) | | ૧૪ | ૩-૦૦ | સ્વાગત | ૩-૧૫ |
| વાલીયા | | ૦૪ | ૩-૩૦ | સ્વાગત | ૩-૪૫ |
| તલોદદ્રા | | ૧૦ | ૪-૦૦ | સ્વાગત | ૪-૧૫ |
| ઝઘડીયા | | ૧૨ | ૪-૪૫ | સ્વાગત/સભા/રાત્રી રોકાણ | --- |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૧)

(દિવસ-૭) તા. ૧૩-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર(કિ.મી.) | પહોંચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| નેત્રંગ (ભરૂચ) | | ૦૦ | --- | પ્રસ્થાન/સ્વાગત | ૦૮-૩૦ |
| મોવી (નર્મદા) | | ૧૧ | ૦૯-૦૦ | સ્વાગત | ૦૯-૧૫ |
| રાજપીપળા (નર્મદા) | | ૩૨ | ૧૦-૦૦ | સ્વાગત/ભોજન | ૧૧-૩૦ |
| એકતાનગર, નર્મદા | | ૨૬ | ૧૨-૦૫ | પૂર્ણાહૂતિ | |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૨)

(દિવસ-૧) તા. ૦૭-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર (કિ.મી.) | પહોંચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| અંબાજી (બી.કે) | | ૦૦ | ---- | પ્રસ્થાન/સભા | ૧૧-૩૦ |
| પોસીના | | ૨૪ | ૧-૦૦ | સ્વાગત/ભોજન | ૧-૩૦ |
| ખેરોજ | | ૧૮ | ૨-૩૦ | સ્વાગત | ૩-૦૦ |
| ખેડબ્રહ્મા | | ૨૦ | ૪-૦૦ | સભા/સ્વાગત/ રાત્રી રોકાણ | -- |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૨)

દિવસ-૨) તા. ૦૮-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર (કિ.મી.) | પહોંચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| ખેડબ્રહ્મા | | ૦૦ | ---- | પ્રસ્થાન | ૯-૩૦ |
| નાકા | | ૦૭ | ૧૦-૦૦ | સ્વાગત | ૧૦-૩૦ |
| અંદ્રોખા | | ૨૦ | ૧૧-૧૫ | સ્વાગત | ૧૧-૩૦ |
| વિજયનગર (સાબરકાંઠા) | | ૧૦ | ૧૨-૦૦ | સ્વાગત/ભોજન | ૧-૩૦ |
| પાલ | | ૦૪ | ૨-૦૦ | સ્વાગત | ૨-૧૫ |
| ચિઠોડા | | ૨૦ | ૩-૦૦ | સ્વાગત | ૩-૧૫ |
| ભીલોડા (અરવલ્લી) | | ૧૭ | ૩-૪૫ | સ્વાગત/સભા | ૫-૩૦ |
| શામળાજી | | ૧૭ | ૬-૦૦ | સ્વાગત/રાત્રી રોકાણ | |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૨)

(દિવસ-૩) તા. ૦૯-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર (કિ.મી.) | પહોંચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| શામળાજી | | ૦૦ | ૦૯-૦૦ | પ્રસ્થાન | ૯-૧૫ |
| મેઘરજ (અરવલ્લી) | | ૨૧ | ૧૦-૧૫ | સ્વાગત/સભા | ૧૧-૧૫ |
| માલપુર | | ૧૬ | ૧૧-૪૫ | સ્વાગત | ૧૨-૦૫ |
| બાબલીયા | | ૨૦ | ૧૨-૩૦ | સ્વાગત | ૧૨-૪૫ |
| ડીંડવાસ | | ૨૫ | ૦૧-૧૫ | સ્વાગત | ૧-૩૦ |
| કડાણા | | ૧૦ | ૦૧-૪૫ | સ્વાગત/ભોજન | ૩-૦૦ |
| સંતરામપુર | | ૧૬ | ૩-૩૦ | સ્વાગત/સભા/ રાત્રી રોકાણ | ૪-૪૫ |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૨)

(દિવસ-૪) તા. ૧૦-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર (કિ.મી.) | પહોંચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| સંત્રામપુરા | | ૦૦ | ૦૯-૦૦ | પ્રસ્થાન | ૦૯-૧૫ |
| સુખસર | | ૧૫ | ૯-૪૫ | સ્વાગત | ૧૦-૦૦ |
| ઝાલોદ | | ૨૦ | ૧૦-૩૦ | સ્વાગત | ૧૦-૪૫ |
| કોંબોઈ ધામ(દાહોદ) | | ૨૦ | ૧૧-૧૫ | સ્વાગત/સભા | ૧૨-૩૦ |
| દાહોદ | | ૧૦ | ૧૨-૪૫ | સ્વાગત/સભા/ ભોજન | ૨-૦૦ |
| ગરબડા | | ૨૫ | ૨-૩૦ | સ્વાગત/સભા | ૪-૦૦ |
| ધાનપુર | | ૩૨ | ૪-૪૫ | સ્વાગત/સભા | ૫-૪૫ |
| લીમખેડા | | ૧૫ | ૬-૧૫ | રાત્રી રોકાણ | |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૨)

(દિવસ-૫) તા. ૧૧-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર (કિ.મી.) | પહોંચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| લીમખેડા | | ૦૦ | ૦૯-૦૦ | પ્રસ્થાન | ૦૯-૧૫ |
| બાડીબાર | | ૧૦ | ૯-૩૦ | સ્વાગત | ૯-૪૫ |
| મોરાં | | ૨૨ | ૧૦-૩૦ | સ્વાગત | ૧૧-૧૫ |
| મોરવાહડપ | | ૩૦ | ૧૨-૦૦ | સ્વાગત/સભા/ ભોજન | ૨-૦૦ |
| સંત્રોળ | | ૧૨ | ૨-૧૫ | સ્વાગત | ૨-૩૦ |
| ભંમૈયાપૂર્વ | | ૧૭ | ૩-૦૦ | સ્વાગત | ૩-૧૫ |
| સિમેલ્યા | | ૨૦ | ૩-૪૫ | સ્વાગત | ૪-૦૦ |
| ઘોઘંબા | | ૨૦ | ૪-૩૦ | સ્વાગત/સભા | ૫-૩૦ |
| પાવાગઢ | | ૨૫ | ૬-૩૦ | રાત્રી રોકાણ | |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૨)

(દિવસ-૬) તા. ૧૨-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર (કિ.મી.) | પહોંચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| પાવાગઢ | | ૦૦ | ૦૯-૦૦ | પ્રસ્થાન/સ્વાગત | ૦૯-૩૦ |
| નારૂકોટ | | ૨૫ | ૧૦-૧૫ | સ્વાગત | ૧૦-૩૦ |
| જાંબુઘોડા (પચમહાલ) | | ૧૨ | ૧૧-૪૫ | સ્વાગત | ૧૨-૦૦ |
| બોડેલી | | ૧૫ | ૧૨-૩૦ | સ્વાગત/સભા/ ભોજન | ૨-૩૦ |
| જેતપુર પાવી | | ૧૬ | ૩-૦૦ | સ્વાગત | ૩-૧૫ |
| તેજગઢ | | ૧૫ | ૪-૦૦ | સ્વાગત | ૪-૧૫ |
| છોટાઉદેપુર | | ૧૦ | ૪-૩૦ | રાત્રી રોકાણ | |

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રા રૂટ/સ્થળોની યાદી

(રૂટ નં.-૨)

(દિવસ-૭) તા. ૧૩-૧૧-૨૦૨૫

| ગામનું નામ | સ્થળ | અંતર (કિ.મી.) | પહોંચવાનો સમય | સભા/સ્વાગત | વિદાયનો સમય |
|---|---|---|---|---|---|
| કવાંટ | | --- | ---- | પ્રસ્થાન/સ્વાગત | ૦૯-૦૦ |
| નસવાડી | | ૩૦ | ૧૦-૦૦ | સ્વાગત | ૧૦-૩૦ |
| એકતાનગર, નર્મદા | | ૩૨ | ૧૧-૩૦ | પૂર્ણાહૂતિ | --- |

## પરિશિષ્ટ - ૪

## ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતી

## જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

## યાત્રા દરમિયાનના સભા સ્થળ પરના કાર્યક્રમની રૂપરેખા

| સમય | સમયગાળો | વિગત |
|---|---|---|
| | | કાર્યક્રમ સ્થળે ગૌરવ રથનુ આગમન અને કાર્યક્રમનો શુભારંભ |
| | 03.00 | ભગવાન બિરસા મુંડાજી અને આદિવાસી દેવી-દેવતાઓનું પુજન |
| | ૦૫.00 | સ્વાગત પ્રવચન અને માન.મહાનુભાવોનુ સ્વાગત |
| | ૧૦.00 | ભગવાન બિરસા મુંડાજીના જીવન સંઘર્ષ અને સંસ્કૃતિ અંગે ફિલ્મનું નિદર્શન |
| | ૦૫.00 | જનજાતિય ગૌરવ વર્ષ અને બિરસા મુંડાજીના જીવન પર વક્તાઓનું પ્રવચન |
| | ૦૫.00 | આદિકર્મ યોગી અંતર્ગત તૈયાર થયેલ "વિલેજ એક્શન પ્લાન" અંગે કર્મયોગી સાથી અથવા સહયોગી દ્વારા પ્રસ્તુતિ |
| | ૦૫.00 | માન.મહાનુભાવો દ્વારા લોકાપર્ણ/ખાતમુહુર્તના કામોની જાહેરાત |
| | ૦૫.00 | માન.મહાનુભાવોના હસ્તે આદિજાતિ સમાજના રમતવિરો, તેજસ્વી વિધાર્થીઓ, પ્રગતિશિલ ખેડુતો, સ્થાનિક લેખકો, ડોક્ટર્સ, વકીલ, ઉદ્યોગપતિઓને પ્રશિસ્તપત્ર દ્વારા સન્માનિત |
| | ૦૫.00 | ગૌરવ યાત્રા દરમિયાન યોજાયેલ સ્પર્ધાઓમાં વિજેતા સ્પધકોને માન.મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહિત (રમતગમત, ચિત્ર, વકૃત્વ, વગેરે) |
| | ૧૦.00 | માન. મહાનુભાવોનું પ્રેરક ઉદબોધન |
| | ૦૫.00 | માન. મહાનુભાવો દ્વારા સ્ટેજ પરના લાભાર્થીઓને લાભ વિતરણ |
| | | સાંસ્કૃતિક કાર્યક્રમ |
| | | અભારવિધિ |

## જનજાતિય ગૌરવ રથયાત્રા દરમિયાન વિવિધ વિભાગ ધ્વારા હાથ ધરવાની સૂચિત પ્રવૃતિઓ

| ક્રમ | વિભાગનું નામ | કાર્યક્રમના દિવસ પહેલા | કાર્યક્રમના દિવસે |
|---|---|---|---|
| ૧ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | 1. જંતુજન્ય, પાણીજન્ય રોગો અંગેની સમજ અને પ્રચાર-પ્રસાર<br>2. રસીકરણ, કુટુંબ નિયોજન, નિરામય ગુજરાત અંગેની સમજ અને પ્રચાર-પ્રસાર<br>3. પાણીનો યોગ્ય ઉપયોગ, ક્લોરીનેશન અને પાણી બચાવો અંગેની સમજ અને ઝુંબેશ<br>4. આયુષ્માન કાર્ડનો ઉપયોગ વિશે ધનિષ્ઠ પ્રચાર-પ્રસાર | 1. યોગ શિબિર<br>2. આરોગ્ય કેમ્પ (સમય બપોરે ૧ થી ૪ કલાક)<br>3. PMJAY કાર્ડનું વિતરણ અને નીકળેલ PMJAY કાર્ડમાં E- KYC / મા-કાર્ડ માં આવકના દાખલા અદ્યતન કરવા. (સમય બપોરે ૧ થી ૪ કલાકે)<br>4. દીકરી યોજનાના લાભાર્થીઓનું સન્માન |
| ૨ | વન અને પર્યાવરણ વિભાગ | 1. યાત્રાના રૂટ પર આવતાં ગામોમાં વૃક્ષારોપણની કામગીરી કરવામા આવશે<br>2. યાત્રાના રૂટ પર આવતા ગામોમાં વૃક્ષોના જતન અને પર્યાવરણની જાળવણી તેમજ વન્યપ્રાણીઓની સમજ અંગેના હોર્ડિંગ્સ લગાવવામા આવશે | 1. આમંત્રિત મહેમાનોનું છોડથી સ્વાગત કરવામાં આવશે<br>2. વિનામૂલ્યે રોપા વિતરણની કામગીરી કરવામાં આવશે |
| 3 | શહેરી વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ | 1. જાહેર સ્થળો, રસ્તાઓ, વોર્ડ વિસ્તારની સફાઈ<br>2. મહાનુભાવોના સ્ટેચ્યુની સફાઈ<br>3. વિવિધ યોજનાકીય કામગીરીનો યોગ્ય પ્રચાર-પ્રસાર | 1. સ્વચ્છતા શપથ<br>2. સહાય વિતરણ, વિકાસ કાર્યોનું લોકાર્પણ |
| ૪ | શિક્ષણ વિભાગ | 1. જીલ્લાની તમામ શાળાઓ, કૉલેજ અને યુનિવર્સિટિઓમાં ભગવાન બિરસા મુંડાના જીવનચરિત્ર વિષય ઉપર શાળાઓમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા | 1. પ્રભાત ફેરી -શાળાના બાળકો દ્વારા<br>2. શાળાના બાળકો દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત |

| ક્રમ | વિભાગનું નામ | કાર્યક્રમના દિવસ પહેલા | કાર્યક્રમના દિવસે |
|---|---|---|---|
| | | 2. જીલ્લાની યુનિવર્સિટિઓમાં આદિજાતિ સ્વાતંત્ર્ય સેનાનીઓના તૈલી ચિત્રોનું અનાવરણ (ફાઈન આર્ટ કોલેજના વિદ્યાર્થીઓ અથવા ચિત્રકારની મદદથી તૈયાર કરી અનાવરણ કરવા) | |
| ૫ | રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | 1. જીલ્લાઓની શાળાઓમાં સ્થાનિક પ્રચલિત રમત સ્પર્ધાનું આયોજન અને સન્માન | 1. ખેલ મહાકુંભ, જીલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ અંને રાષ્ટ્રીય કક્ષાએ જુદી જુદી રમતમાં સિધ્ધિ મેળવેલ રમતવીરોનું સન્માન<br>2. સ્થાનિક પ્રચલિત રમત સ્પર્ધાઓના આયોજન હેઠળ વિજેતા રમતવિરોનુ સન્માન |
| ૬ | પંચાયત અને ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ | 1. કાર્યક્રમનો પ્રચાર પ્રસાર અને કાર્યક્રમના દિવસે લોકો ઉપસ્થિત રહે તે અંગેની કામગીરી | 1. લોકાપર્ણ અને નવા કામોની જાહેરાત<br>2. ઘર વિહોણા કુટુંબને આવાસ માટે મફત પ્લોટ |
| ૭ | કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર | 1. પ્રચાર પ્રસાર કૃષિ યોજના વિષેની સ્થાનિક અધિકારી ધ્વારા જાણકારી<br>2. પાકમાં આવતી જીવાતથી રક્ષણ માટેની માહિતીનો પ્રચાર પ્રસાર<br>3. બગાયત વિભાગની સહાયક યોજનાના માહિતીનો પ્રચાર પ્રસાર<br>4. પ્રાકૃતિક કૃષિનો પ્રચાર પ્રસાર | 1. કૃષિ સહાયની વિવિધ યોજનાના લાભાર્થીઓને પુર્વ મંજુરી હુકમ વિતરણ<br>2. પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશલ આદિજાતિ ખેડૂતોનું સન્માન |
| | કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર (સહકાર, પશુપાલન મત્સ્યોદ્યોગ પ્રભાગ) | 1. પશુ સારવાર કેમ્પ/પશુઓમા રસીકરણ | 1. કોસ્ટલ બોટ રજીસ્ટ્રેશન (મત્સ્યોદ્યોગ)<br>2. લોકાર્પણ/નવા કામોની જાહેરાત |

| ક્રમ | વિભાગનું નામ | કાર્યક્રમના દિવસ પહેલા | કાર્યક્રમના દિવસે |
|---|---|---|---|
| ૮ | આદિજાતિ વિકાસ વિભાગ | 1. આદિજાતિ વિકાસ યોજનાઓની માહિતીંનો પ્રચાર પ્રસાર<br>2. જનજાતિ ગૌરવ રથ યાત્રા અને જનજાતિ ગૌરવ દિવસની ઉજવણીના કાર્યક્રમોનો પ્રચાર પ્રસાર | 1. વિકાસ કામોનાં ખાત મુહૂર્ત અને લોકાર્પણ<br>2. IDDP કાર્યક્રમ અંતર્ગત સહાય<br>3. સ્વ રોજગારી માટેની વિવિધ યોજનાઓ હેઠળ સહાય<br>4. વ્યક્તિગત આવાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને આવાસ ફાળવણી<br>5. કુવરબાઇનું મામેરુ યોજના સહાય વિતરણ |